# શહેરમાં રેકર્ડ બ્રેક કાળઝાળ ગરમી

**દિવસ દરમિયાન અગનજવાળ વરસતા જનજીવન પ્રભાવિત : લોકડાઉન વચ્ચે હીટવેવથી બચવા બપોરના સમયે નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા : રાત્રિનુ તાપમાન પણ ૨૯ ડીગ્રી રહેતા નાગરિકોને ગરમીથી ગુંગળામણ**



ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં આજે સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી ગરમીનો પારો ૪૩.૫ ડીગ્રીએ પહોંચી જતા દિવસે આક્રમક હીટવેવના લીધે ચામડીના દાહ આપતી ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા હતા. લોકડાઉનમાં છુટછાટના અંતે ગરમીએ પણ આકરો મિજાજ દાખવતા બપોરના સમયે નગરના શોપિંગ બજારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. દિવસના અંતે રાત્રિના પણ બફારો અનુભવતા શહેરીજનો મુંઝવણ અનુભવી રહ્યા છે.

ગાંધીનગરમાં આજે સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી. ગરમીનો પારો ૪૩.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ચામડીને દાહ આપતી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ હતુ.

## તાપમાન ૪૩.૫ ડીગ્રી

આકરી ગરમીના લીધે લોકડાઉનમાં છુટ અપાયા બાદ પણ નગરજનોએ અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૭ ડીગ્રી ઉંચકાયો હતો. આકરી ગરમીના લીધે બપોરના સમયે નાગરિકો ટોપી અને મોઢા પર માસ્ક ઉપર રૂમાલ બાંધીને જતા નજરે પડયા હતા. બપોરના સમયે શહેરના મુખ્યમાર્ગો પર વાહનોની પાંખી અવરજવર જોવા મળી હતી. જયારે સેકટરોની શેરીઓમાં તદન સુનકાર જોવા મળ્યો હતો. કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતા સેકટરોમાં કરફયુ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ગાંધીનગરમાં છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો મિજાજ ઉગ્ર છે. રોજબરોજ ગરમીનો પારામાં સામાન્ય ચઢઉતર જોવા મળે છે. છેલ્લા દોઢ મહીનાથી ગરમીનો પારો મહત્તમ દિવસોમાં ૪૦ ડીગ્રીની ઉપર રહ્યો છે. જયારે છેલ્લા એક સપ્તાહથી મહત્તમ તાપમાન ૪૧થી ૪૩ ડીગ્રીની વચ્ચે રહેતા નગરજનો હવે આકરી ગરમીથી મુંઝાઈ રહ્યા છે. જયારે આજે ગરમીએ હદ વટાવતા મહત્તમ તાપમાન ૪૩.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનમાં થોડી છુટછાટ આપવામાં આવી છે. જયારે લોકડાઉનમાં અપાયેલી છુટ દરમિયાન સવારે ૮ થી બપોરે ૩ કલાક સુધી વેપાર ધંધામાં છુટછાટ આપવામાં આવી છે. પરંતુ સવારે ૧૨ વાગ્યા બાદ આમ પણ નાગરિકો ગરમીથી બચવા માટે ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી જયારે સાંજના સમયે દુકાનો બંધ રહેવાથી નગરજનોએ ફરજિયાત ગરમીમાં જ ઘરની બહાર નિકળવાની ફરજ પડી રહી હોવાનો આક્રોશ પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૪૩. ૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રી રહ્યુ હતુ. દિવસના આક્રમક હીટ વેવના અંતે રાત્રિના સમયે પણ ગરમ લું ફુંકાતી હોય તેવો અહેસાસ નગરજનોએ કર્યો હતો. આક્રમક ગરમીની ગિરફતમાં આવી જતા નગરજનો પણ ગરમીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે.

# શહેરમાં વધુ બે કેસ

**સે-૨૨માંથી કોરોના પોઝીટીવના બે દર્દી મળ્યા : શહેરમાં ૩૮ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ અપાયું છે**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં આજે વધુ બે કોરોના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૫ પર પહોંચી છે.

આજે આ બંને દર્દીઓ સેકટર-૨૨માંથી મળી આવ્યા છે.એક જ પરિવારના આ બે દર્દીઓમાં મહિલા દર્દી છે તે અમદાવાદ સિવીલમાં સેવાઓ આપે છે તો પુરુષ દર્દી જે આ મહિલાના પતિ છે અને શિક્ષક તરીકે સેવાઓ બજાવે છે.

આ દંપતિ આજે પોઝીટીવ આવતાં જ મનપાનું તંત્ર હરકતમાં આવ્યું છે. સે-૨૨માં તેમના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા ઉપરાંત હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન બનાવવાની સૂચનાઓ તંત્ર એ આપી છે. આ બંને દર્દીઓના સંપર્કમાં આવેલ વ્યકિતઓની યાદી તૈયાર કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

સે-૨૨માં આ બે કેસ મળતાં સેકટરમાં નોંધાયેલ દર્દીઓની સંખ્યા ૩ થઈ છે. જેમાં બે મહિલા દર્દી છે. અગાઉ નોંધાયેલ મહિલા દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે મળેલ મહિલા દર્દી પણ કોરોના વોરિયર છે અને તેનાથી તેના પતિ સંક્રમિત થયા છે.

તંત્રની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ હાલ શહેરમાં ૪૧૧ વ્યકિતઓ કવોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૦૦ હોમ કવોરોન્ટાઈન અને ૧૧૧ ફેસીલીટી કવોરોન્ટાઈનમાં છે.

શહેરમાં નોંધાયેલા ૭૫ કેસ પૈકી ૩૮ દર્દીઓ રિકવર થઈ જતાં તેમનો હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જયારે ૩૬ દર્દીઓ હાલ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૧ વ્યકિતનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.

# જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં ૧ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુ આંક નવ પર પહોંચ્યો : નોંધાયેલા કેસોમાંથી ૫૮ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગરક તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક કોરોના પોઝીટીવનો દર્દી મળી આવ્યો છે. જિલ્લાના ગાંધીનગર તાલુકામાં આવેલ લવારપુર ગામેથી આ કેસ મળી આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દી અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં તેમના માતા-પિતા બિમાર થતાં તેમની સારવાર માટે ગયા હતા. આ પછી તેઓ પરત ફરતાં તંત્ર દ્વારા ચાલી રહેલ હાઉસ ટુ હાઉસ સર્વે દરમ્યાન આ મહિલા પરત ફર્યાનું ધ્યાને આવતાં તેમને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા હતા.

હોમ ક્વોરોન્ટાઈન દરમ્યાન આરોગ્યની ચકાસણી માટે જતી ટીમ સમક્ષ તેમણે અશક્તિ અને અન્ય બાબતો જણાવતાં તંત્રએ તેણીનીના નમુના લઈ પરીક્ષણ માટે મોકલ્યા હતા. જેમાં તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પ્રિ મોન્સુન કામગીરી હાથ ધરવા માટે તંત્ર કામે લાગશે

**ચોમાસાને ધ્યાને લઇ વરસાદી પાણીના નિકાલ માટે શહેરના મુખ્યમાર્ગો પર લાઇનની સફાઇ કરાશે**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં છેલ્લા બે મહીનાના લોકડાઉનના લીધે મોટાભાગના કામો બંધ છે ત્યારે વરસાદી દિવસો હવે નજીકમાં છે ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરાશે શહેરના મુખ્યમાર્ગો પર વોક વે નજીક સ્થિત લાઈનમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે લાઈનની સફાઈ કરવામાં આવશે. પ્રિ મોન્સુન પ્લાન અન્વયે જરૂરી કામગીરી હાથ ધરવા માટે તંત્રએ તૈયારી કરી છે.

શહેરમાં લોકડાઉનમાં અપાયેલી છુટછાટના અંતે વેપાર ધંધા પણ શરૂ થયા છે. જયારે આગામી વરસાદી દિવસોને ધ્યાને લઈ સરકારી તંત્રએ પણ જરૂરી કામગીરી તેજ બનાવવા માટે કામ શરૂ કરી દીધુ છે. આગામી વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો અટકાવવા માટે શહેરમાં ટુંકમાં જ વરસાદી પાણીના નિકાલની કામગીરી શરૂ કરી દેવાશે. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત વોક વે પાસેની લાઈનમાં વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થાય તે માટે લાઈનની સફાઈનુ કામ હાથ ધરવા માટે તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. ટુંકમાં જ વરસાદી દિવસો પુર્વે લાઈનની સફાઈનુ કામ પુર્ણ કરી દેવાશે. જયારે આગામી દિવસોમાં અન્ય કામગીરી પણ શરૂ થાય તે માટે અત્યારથી જ આયોજન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા બે મહીનાથી લોકડાઉન વચ્ચે વેપાર ધંધા ઠપ્પ થઈ જવાની સાથે શહેરમાં હાથ ધરાયેલા કરોડો રૂપિયાના વિકાસ કામોને પણ કોરોનાનુ ગ્રહણ લાગ્યુ છે. આવા સંજોગોમાં આગામી વરસાદી દિવસોન ધ્યાને લઈ શહેરમાં વરસાદી પાણીનો ભરવો ન થાય તો માટે વરસાદી પાણીની લાઈનની યોગ્ય સફાઈ કરવા માટે તંત્રએ ટુંકમાં કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જયારે આગામી દિવસોમાં તબક્કાવાર અન્ય જરૂરી કામો હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે.



કોરોના વાયરસના કહેરના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. લોકડાઉનમાં સરકારે છુટછાટ આપ્યા બાદ કામ ધંધા ધમધમતા થયા છે જેના લીધે હવે વેપારીઓને રાહત થઈ છે. શહેરમાં અનાજ કરિયાણાની દુકાનો સાથે હવે બે મહીનાના અંતે નગરજનો માટે અત્યંત જરૂરી બનેલી સલુનની દુકાનોમાં પણ નાગરિકો હળવા થઈ રહ્યા છે. સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે સલુન શોપ્સ પણ હવે નવા મિજાજમાં જોવા મળી રહી છે. સલુનમાં પણ ડિસ્પોઝીબલ સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો છે. હેરકટીંગ વેળાએ કોરોનાનુ સંક્રમણ ન થાય તે વાતનો વિશેષ ખ્યાલ રાખીને સલુન શોપ્સમાં તમામ નિયમોનુ પાલન કરવામાં આવી રહ્યુ છે.નાગરિકો પણ આ નિયમોના પાલન સાથે માથાનો ભાર હળવો કરી રહ્યા છે.

**કુડાસણમાં એક વેપારીને ત્યાં**

# સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતાં તંત્રએ દુકાન બંધ કરવા આદેશ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામમાં એક વેપારી દ્વારા સોશિયલ ડિસ્ટનસીંગ તેમજ માસ્ક અને સેનેટાઈઝર સહિતની શરતોનું પાલન નહિ કરાતુ હોવાની મળેલ ફરિયાદની તપાસને અંતે ૩૧-૫-૨૦૨૦ સુધી દુકાનને બંધ કરવાના આદેશો તંત્રએ આપ્યા છે. મળતી વિગતો મુજબ કુડાસણમાં એક વેપારી દ્વારા તેની દુકાને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન નહિ થતું હોવાનું તેમજ માસ્ક પણ પહેર્યા નહિ હોવાનું અને સેનેટાઈઝર પણ ન હોવાની ફરિયાદ તંત્રને મળી હતી.

જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ તંત્રના અધિકારીઓની ટીમે તપાસ કરતાં ફરિયાદમાં તથ્ય જણાતાં તાત્કાલિક અસરથી ત્યાં જઈ વેચાણ બંધ કરાવ્યુ હતુ. આ પછી તંત્રએ આકરા પગલાં લેતાં ૩૧-૫-૨૦૨૦ સુધી આ વેપારીને દુકાન નહિ ખોલવાના આદેશ આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે લોકડાઉન-૪ માં અપાયેલી છુટછાટો અને શરતો અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે જાહેર સ્થાનો પર ખાસ હોર્ડિંગ્સ પણ લગાવવાની વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે. જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં આવા હોર્ડિંગ્સ લાગી ગયાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# આત્મનિર્ભર યોજનાના ફોર્મનું વિતરણ આજથી શરૂ કરાશે

**કો-ઓપરેટીવ બેન્ક, ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક, સીટી કો-ઓપરેટીવ સહિતના આઉટલેટ ઉપરથી ફોર્મનું મળશે**

ગાંધીનગર, તા. ૨૦

આત્મનિર્ભર ગુજરાત યોજના અંગેની માહિતી આપતા સીએમના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું કે, 'આવતીકાલથી કો-ઓપરેટીવ બેન્ક, ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક, સીટી કો-ઓપરેટીવ બેન્કના ૯૦૦૦થી વધુ આઉટલેટ પરથી આત્મનિર્ભર ગુજરાત યોજના માટેના ફોર્મનું વિતરણ શરૂ કરાશે.' આ યોજના અંતર્ગત નાના અને સામાન્ય વર્ગના દુકાનદાર, વાળંદ ભાઈ-બહેનો, રિટેલર્સ, કારપેન્ટર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, ફીટર, મેકેનિક, ફેરિયા અને નાના દુકાનદાર સહિતના સામાન્ય વર્ગના લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કો-ઓપરેટીવ બેન્કના માધ્યમથી એક લાખ રૂપિયા સુધીનું ધિરાણ લોકોનું મળવાનું છે. જેના માટે તેઓએ ૨ ટકા વાર્ષિક વ્યાજ ચૂકવવાનો રહેશે જ્યારે બાકીના ૬ ટકાનો વાર્ષિક વ્યાજ રાજ્ય સરકાર ભોગવશે. 'આત્મનિર્ભર ગુજરાત' રાજ્ય સરકારનો એક મહત્ત્વનો કાર્યક્રમ છે. જેના માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૬ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે.' આજે વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને સતત આઠમી વખત કેબિનેટની બેઠક વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. આ મીટિંગમાં લોકડાઉન ૪.૦માં રાજ્ય સરકારે આપેલી છૂટછાટો અને તેના અમલીકરણની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ગરીબ વર્ગ અને રોજે રોજ કમાઈને ખાનાર સમાજના વર્ગ અને સામાન્ય તેમજ મધ્યમ વર્ગની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે લોકડાઉનના ચોથા તબક્કામાં ઘણી છૂટછાટો આપી છે. રાજ્ય સરકારે લોકોને બિનજરૂરી ભીડ ન કરવાની અપીલ કરી છે.

# ગાંધીનગર એસટી ડેપોની બસો જિલ્લાના માર્ગો પર દોડતી થઈ

**ગાંધીનગર એસ.ટી. ડેપો અને બસોને સેનિટાઇઝર કરાઇ આરંભ કરાયો : ગાંધીનગર થી માણસા, કલોલ અને દહેગામ માટે કુલ – ૨૪ ટ્રીપનો આરંભ**



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આજથી ગાંધીનગર એસ.ટી. ડેપોની બસો દોડતી બની છે. હાલમાં ગાંધીનગર થી માણસા, કલોલ અને દહેગામ માટે કુલ ૨૪ ટ્રીપો મારવામાં આવશે.

ગાંધીનગર શહેર સહિત સમગ્ર રાજયમાં લોક ડાઉનની અમલવારી થતાં રાજયમાં જનજનને પરિવહનની સૌથી મોટી સેવા આપતી ગુજરાત રાજય એસ.ટી. નિગમની બસોના ફરતા ટાયર થંભી ગયા હતા. ઘણા લાંબા સમયથી ખાનગી વાહન અને સરકારી એસ.ટી. બસોનું પરિવહન બધ થતાં આંતરિક વાહન નેટવર્ક તૂટી ગયું હોય તેવું સૌ કોઈ અનુભવ કરી રહ્યાં હતા. રાજય સરકાર દ્વારા છુટ આપ્યા બાદ આજથી ગાંધીનગર એસ.ટી. ડેપો દ્વારા ગાંધીનગર-માણસા, ગાંધીનગર-કલોલ અને ગાંધીનગર-દહેગામની ટ્રીપોનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં માણસા ની ૭ ટ્રીપ, કલોલની ૭ ટ્રીપ અને દહેગામની ૧૨ ટ્રીય મળી કુલ- ૨૪ ટ્રીપ માટે ચાર શિડ્યુઅલ નક્કી કરવામાં આવ્યા છે. આજે કુલ- ૪૦ પેસેન્જરોએ એસ.ટી. નિગમોમાં મુસાફરી કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૭૭૨૧ સુપર સ્પ્રેડરને હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા

**સરહદી ગામોમાં બાપુનગરથી શાક વેચવા આવતા એક વેપારીની તપાસમાં કોરોના પોઝીટીવ જણાયો : દર સપ્તાહે આ કાર્ડ ધારકોનું હેલ્થ ચેક-અપ કરાશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શાકભાજી અને અન્ય ધંધાર્થીઓને તંત્ર દ્વારા ૭૭૨૧ હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

સુપર સ્પ્રેડર કેટેગરીમાં આવતા તમામ લોકોનું હેલ્થ ચેક-અપ કરી આ કાર્ડ આપવામાં આવ્યા હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં ૧૪૫૦, કલોલમાં ૨૦૦૦, માણસામાં ૧૨૭૧ અને દહેગામમાં ૩૦૦૦ જેટલા હેલ્થ કાર્ડ અત્યાર સુધીમાં આપી દેવામાં આવ્યા છે. આ હેલ્થ કાર્ડ ધારકોનું દર સપ્તાહે મેડીકલ ચેક-અપ પણ કરવામાં આવશે તેમ આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ સૂત્રોએ એક રસપ્રદ કિસ્સો પણ સુપર સ્પ્રેડરનો પકડી પાડ્યો હતો. મળતી વિગતો પ્રમાણે અમદાવાદની સરહદને અડીને આવેલ એક ગામમાં અમદાવાદના બાપુનગર વિસ્તારમાંથી શાકભાજીનો ધંધો કરવા એક ભાઈ આવતો હતો.

ઉવારસદ પ્રા.આ. કેન્દ્રની ટીમ દ્વારા ચાલી રહેલી ચકાસણીમાં આ ભાઈને તાવ જણાતાં જ તેના નમુના લેવામાં આવ્યા હતા. રિપોર્ટ આવતાં આ ભાઈ પોઝીટીવ જણાયા હતા. તંત્રએ તાત્કાલિક આ ભાઈને તેમના વિસ્તારના સત્તાવાળાઓને જાણ કરી અને કોરોનાનો વ્યાપ થતો અટકાવ્યો હતો. તંત્ર દ્વારા હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં પુરતી ચકાસણી કરવામાં આવી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com